એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૩૪ (નેગો.ઈ.એકટ કોર્ટ ), અમદાવાદ.

---

*ફોજદારી કેસ નંબર : ૫૨૦૮૭–૨૦૧૭*

**<u>આંક–૧ તળે હુકમ:</u>**

કેસનું રેકર્ડ વંચાણે લીધું.

કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, આ કામે ફરિયાદી ધ્વારા આરોપીઓ સામે હાલની ફરીયાદ **તા. ૧૦–૦૮–૨૦૧૭** ના રોજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ અદાલતમાં દાખલ કરવામાં આવેલ હતી. આ કામે કેસનુ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો રોજકામ જોતા ફરીયાદી કેસમાં ઘણી મુદતોથી હાજર રહેતા નથી અને તેમના તરફથી કેસને ચલાવવા માટે કોઈ પ્રયાસ થયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. ફરીયાદીને આ કામે કેસમાં મુદતે હાજર રહેવા માટે તાકીદ કરવામાં આવેલ છે તેમ છતાં ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી કે પ્રતિનિધિ કેસની કાર્યવાહી આગળ કરવા માટે હાજર રહેલ નથી. જેથી ફરીયાદીને તેમનો કેસ ચલાવવામાં રસ ન હોવાનુ કેસનુ રેકર્ડ જોતા ફલિત થાય છે. જેને ફરીયાદપક્ષની બેદરકારી જ ગણાય.

વધુમાં, આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામારેડ્ડી, (૨૦૦૮)(૦)એ.આઈ.આર.(એસ.સી.) ૨૦૬૬ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે ધ્યાને લેતાં તથા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તારીખ ૧૮.૦૧.૨૦૧૦ નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કેસની કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતાં ના હોય તો તેને ફરિયાદપક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરિયાદ રદ થવાને પાત્ર ઠરે છે. આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ હાલના કેસમાં પણ ફરિયાદ ફરિયાદીની કસુરના કારણે રદ થવાને પાત્ર હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

હાલની ફરિયાદ, ફરિયાદીની બેદરકારી અને કસુરના કારણે '' **રદ** '' કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૬ઠી, માહે–જુલાઈ, સને ૨૦૨૪ ના રોજ વાંચી સભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૦૬/૦૭/૨૦૨૪

**(પી. જે. ચૌધરી )**

૧૮માએડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
નેગો.ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, કોર્ટ નં. ૩૪
અમદાવાદ સીટી(જીજે–૦૧૦૩૨)